# જુલાઈ-૨૦૨૧ના તંત્રીલેખનો ગુજરાતી અનુવાદ

## BSNLનું અસ્તિત્વ અને કર્મચારીઓ / પેન્શનરોના સળગતા પ્રશ્નો

## પેન્શનર સંગઠનોનો સાથ માગવું AUAB સંયુક્ત લડતને આગળ ધપાવવાનો સાચો રસ્તો.

તમામ પેન્શનર સંગઠનોને-તેમની ઓછીવત્તી સંખ્યાને ધ્યાનમાં લીધા વગર-સાંકળી લઈને, AUAB એ કામકાજ આરંભીને એક મજબુત અને સુનિયોજિત લડતનો પાયો નાખી દીધો છે. એણે કેટલાક સારા અને સકારાત્મક પરિણામો મેળવ્યા છે; અને સેવારત કર્મચારીઓના ઘણાય પ્રશ્નો ઉપર ધ્યાન આપવા માટે, BSNL ઉપર જરૂરી દબાણ ઉભું કરી શક્યું છે.

હવે પોતાની લડતને મજબૂત બનાવવા માટે AUAB, BSNLના તમામ પેન્શનર સંગઠનોનો સહકાર માંગી રહ્યું છે. એણે આ બાબતની લેખિત અપીલ દરેક પેન્શનર સંગઠનને મોકલી દીધી છે. મારા જીવનના સૌથી દુ:ખદ અને કપરા સમયમાં પણ મેં એની ઉપર પૂરતું ધ્યાન આપીને, વરિષ્ઠ કારોબારી મંડળ સાથે ચર્ચા કર્યા બાદ; અપીલનો ઈ-મેલ મળ્યો તે જ દિવસે એટલે કે તા. ૧૪-૦૭-૨૦૨૧ના રોજ મેં ઈ-મેલ અને પત્ર દ્વારા આપણો ટેકો જાહેર કરી દીધો હતો. આપણને અપીલ ઘણી મોડી મળવા પાછળનું કારણ, -કદાચ એમને આપણા વજૂદનો ખ્યાલ નહીં હોય ? કે પછી આપણા સરનામાની ખબર નહીં હોય ? - ગમે તે હોઈ શકે.

AUABની અપીલનો બધા પેન્શનર સંગઠનોએ જોરદાર પ્રતિસાદ આપ્યો છે.

અખિલ ભારતીય BSNL & DoT પેન્શનર સંઘ - AIBDPA અખિલ ભારતીય BSNL નિવૃત્ત અધિકારી કલ્યાણ સંઘ - AIRBSNLEWA સંચાર નિગમ પેન્શનર પ્રગતિ સંઘ - SNPWA દૂર સંચાર પેન્શનર પ્રગતિ સંઘ - TPPO અને BSNL & DoT પેન્શનર્સ એસોસીએશન (ઈન્ડીયા) - ADPACI એટલે કે, આપણે - બધાએ AUABને પોતાના ટેકાની ખાત્રી આપતાં પત્રો લખી દીધા છે.

ખાડે ગયેલા BSNLને બેઠું કરવાની લડત વખતે AUAB એ; આપણી, ત્રીજી વેતન સમિતી મુજબ પેન્શન સુધારણાની અને સીધા ભરતી થયેલા કર્મચારીઓના નિવૃત્તિલાભમાં ૩૦% વધારાની, વ્યાજબી અને ન્યાયિક માંગણીઓને સમાવેશ કર્યો હતો. એને કારણે આપણે એને ટેકો જાહેર કર્યો છે.

સાતમા વેતન આયોગ પ્રમાણે BSNL પેન્શનરોના પેન્શન સુધારાની વાહિયાત-અતાર્કિક માંગણી કરનારા 'કેટલાક' પેન્શનર સંગઠનો હજી પણ એમની પોકળ રજુઆતો કરી રહ્યા છે, અને AUABને ટેકો આપવા બાબતે ગણતરીપૂર્વકનું ભેદી-અકળ મૌન ધારણ કરી બેઠા છે; એવું સ્પષ્ટ જણાઈ આવે છે.

કર્મચારીઓ/પેન્શનરોના કલ્યાણના કાર્યક્ષેત્રમાં અમે, કેવળ પૂરેપૂરી ક્ષમતાથી પેન્શનરોના પ્રશ્નો ઉકાલવાના શુભ આશયથી જ કામ કરી રહ્યા છીએ; એટલે બીજા કોઈપણ સંગઠન સાથે હરિફાઈમાં ઉતરવાનું અમને પસંદ જ નથી. કારણ કે, પેન્શનરોના વિવિધ પ્રકારના બધા પ્રશ્નોનું નિવારણ કોઈથી પણ એકલા હાથે કદી લાવી ના શકાય, એવું અમારું દ્રઢપણે માનવું છે. 'BSNL Pensioners News (Gujarat)' એ અમારું મુખપત્ર છે. જે એકપણ અંક પાડ્યા વગર નિયમિત રૂપે છેક જૂન-૨૦૦૬થી અમે દર ત્રણ મહિને પ્રકાશિત કરતા આવ્યા છીએ. એજ રીતે www.bdpa.in વૅબસાઈટ એ અમારું દૈનિક અખબાર છે. જેને દરરોજ લગભગ ૬૦૦૦ જેટલા લોકો વાંચતા હોય છે.

AUABને ટેકો આપ્યા પછી, તેની બધી લડતમાં શક્ય એટલો તમામ સાથ-સહકાર આપવાની, હવે આપણી નૈતિક ફરજ બને છે. આ તંત્રીલેખના માધ્યમથી હું જિલ્લાના, સર્કલના અને હેડક્વાર્ટરના દરેક કાર્યકરોને AUABના કાર્યક્રમોમાં સક્રિય ભાગ લેવાની વિનંતી કરું છું. પણ હા, કોરોના સંકટ અંગેના બધા જ સરકારી નિયમોનું પાલન કરીને પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવાનું ખાસ ભૂલતા નહીં.

પોતાની લડતને મજબૂત બનાવવા માટે; આપણી મુખ્ય વ્યાજબી અને ન્યાયિક માંગણીઓને

AUAB પોતાના ઍજન્ડામાં ચોક્કસ ઉમેરશે, એવો અમને વિશ્વાસ છે. છેલ્લા ત્રણ વર્ષથી આપણે જોતા આવ્યા છીએ કે, મેડિકલ બીલો ચૂકવવામાં BSNL સેવારત કર્મચારીઓનું વિશેષ ધ્યાન રાખે છે, અને પેન્શનરોને ચૂકવવાના ઠાગાઠૈયા કરે છે. તેને કારણે દુભાયેલા પેન્શનરો ખુબ ધુંધવાયેલા છે. <u>અમે BSNL MRS નિયમોમાં છૂટછાટ નથી માંગતા પણ, BSNLના સૂત્રધારોએ ધારાધોરણો પાળવા–પળાવવામાં એકસૂત્રતા અને પારદર્શિતા જાળવવી જોઈએ, એટલું તો ચોક્કસ માગીએ છીએ.</u>

સેવારત કર્મચારીઓને જો તેમનું બાંધ્યું મેડિકલ ભથ્થું પગાર સાથે આપી શકાતું હોય; તો આપણા બાંધ્યા મેડિકલ ભથ્થાં અને ઈન્ડૉર અને આઉટડૉર સારવારના બીલો પણ, કુદરતી ન્યાયના સિધ્ધાંત પ્રમાણે તેમની જેમજ અને તેમની સાથે જ ચૂકવી દેવા જોઈએ. જો આપણે BSNL પાસે આટલું કરાવી શકીશું તો આપણી સંયુક્ત લડતને બળ મળશે, અને વધુમાં વધુ પેન્શનર સંગઠનો AUABની લડતમાં જોડાવા લાગશે; જેનાથી BSNL હાલના આર્થિક સંકટમાંથી પણ બહાર આવી શકશે.

વધુમાં, BSNLની આર્થિક સ્થિતી સુધારવા માટે AUAB સરકારને સૂચવી શકે કે; એક જ વખતના VRS-2019 જેવા પગલાં તરીકે; બધાજ પેન્શનરોની CGHS દાખલ ફી સરકારે સીધે સીધી ચૂકવી દેવી જોઈએ. આમ થવાથી BSNLનો મેડિકલ ખર્ચ ખુબ ઘટી જશે અને બચેલું ભંડોળ તે પોતાને ફરી બેઠું કરવામાં વાપરી શકશે.

તેમ છતાંયે જો BSNLને આ સૂચન વ્યવહારુ ના લાગે તો; BSNLનિયત સમયમાં અને નિયત હપ્તાઓમાં સમગ્ર CGHS દાખલ ફી ચૂકવી દેશે – આવો કરાર કરવા સરકારને વિનંતી કરવી જોઈએ.

બીજું, BSNLમાં ત્રીજી વેતન સુધારણા સમિતીનો અમલ થાય ત્યારે, દેખીતી રીતે જ તેના અમલની તારીખ બાબતે ખાસ ચોક્સાઈ રાખવી પડશે. તેનો અમલ તા. ૧–૧–૨૦૧૭થી જ થવો જોઈએ અને તેમાં કર્મચારીઓ અને પેન્શનરો વચ્ચે ભેદભાવ, ફેરફાર કે સમાધાન સ્વીકારવું ના જોઈએ. બીજી વેતન સુધારણા સમિતીના અમલ વખતે, ૭૮.૨% મર્જરનો અમલ; કરારની તારીખ (૦૧–૦૧–૨૦૦૭)ની બદલે DoTની મંજૂરીની તારીખ (૧૦–૦૬–૨૦૧૩) થી થયેલો, એ દાખલો આપણી નજર સામે જ છે. એટલે ફરી બીજી વાર આપણી સાથે આવી ચાલાકી ના રમાય તેની પૂરતી ચોક્સાઈ રાખવી જોઈશે.

નવનિયુક્ત સંચારમંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે તા. ૨૪/૦૭/૨૦૨૧ના રોજ બધા કર્મચારી સંઘોને મળવા બોલાવ્યા હતા. પણ એમાં AUABના સહયોગી કર્મચારી મંડળોને નિમંત્રણ નહોતું અપાયું, એ ઘણી આશ્ચર્યજનક બાબત છે. એનાથી પેન્શનરોના મનમાં સંયુક્ત નેતાગીરી માટે સારા–ખરાબ, સાચા–ખોટા અનેક તર્ક–વિતર્ક ફેલાયાં છે. સંયુક્ત નેતાગીરીએ આવી પરિસ્થિતિ ટાળવી જોઈતી હતી. તેમ છતાંય જો એવું શક્ય ના બને તો; તેમણે સહયોગી સંગઠનોના આગેવાનોને એ વિષે અગાઉથી જણાવીને સૌને વિશ્વાસમાં લેવા જોઈએ. એમ કરવાથી બીજાઓમાં દંશ, ભેદભાવ કે ઉપેક્ષાની ભાવના પેદા નહીં થાય અને સંઘભાવના પણ જળવાઈ રહેશે.

ભવિષ્યમાં આપણી સંયુક્ત લડત અંગે ઉચ્ચ અધિકારીઓ કે નેતાઓ સાથે મિટીંગ કરતી વખતે AUAB, પેન્શનર સંગઠનોના નેતાઓને ઉપેક્ષા કર્યા વગર સાથે રાખશે, એવી અમે આશા રાખીએ છીએ.

આવો, આપણે બધા સાથે મળીને, કર્મચારીઓ અને પેન્શનરો વચ્ચે નમૂનારૂપ એક્તાના નવા અધ્યાયનો પ્રારંભ કરીએ.

સૌને સ્વાતંત્ર્ય દિવસ અને જન્માષ્ટમીની હાર્દિક શુભકામનાઓ.

તા. ૨૮/૦૭/૨૦૨૧ **-દિનેશચંદ્ર ડી. મિસ્ત્રી**

**અખિલ ભારતીય મહામંત્રી**

**BDPA (I)**

**અનુવાદ કર્તા : એચ.જે. ભટ્ટ**

નિવૃત્ત SDE અને પૂર્વ સહાયક નિદેશક (રાજભાષા)

BSNL અમદાવાદ.

તેમજ ખ્યાતનામ ગુજરાતી–હિંદી હાસ્યકવિ

## जुलाई-2021 के तंत्रीलेख का हिन्दी अनुवाद

### BSNL का अस्तित्व और कर्मचारीयों/पेन्शनरों की जल्द समस्याएं

### पेन्शनर संगठनों का साथ मांगता AUAB संघर्ष आगे बढाने का सही तरीका ।

तमाम सेवारत कर्मचारी संगठनों को - उनकी कम-ज्यादा संख्या पर ध्यान दिये बिना-एकजूट करके; AUABने अपना कामकाज़ शुरु करके एक सुनियोजित लडत-मजबूत संघर्ष की नींव डाल दी है । उसने कुछ अच्छे एवम् सकारात्मक परिणाम पाये हैं और सेवारत कर्मचारीयों की विविध समस्याओं पर लक्ष्य देने का BSNL पर जरूरी दबाव बना लिया है।

अपने संघर्ष को और मजबूत बनाने के लिये अब AUAB, BSNL के तमाम पेन्शनर संगठनों का साथ-सहकार मांग रहा है । इसकी एक लिखित अपील भी उसने सबको भेज दी है । मेरे जीवन के सबसे कठिन और दु:खद समयमें भी मैंने उस पर तुरंत लक्ष दे कर, वरिष्ठ कार्यकारी मंडल से चर्चा करने के बाद; अपील का ई-मेल मिला उसी दिन यानी दि. 14-07-2021 को ही मैंने ई-मेल और पत्र द्वारा अपना समर्थन घोषित कर दिया था । हमें देर से अपील भेजने का कारण - या तो उसे हमारे वजूद का ध्यान नहीं होगा ? या फिर उसे हमारा पता मालूम नहीं होगा ? - कुछ भी हो सकता है।

तमाम पेन्शनर संगठनोंने उसकी अपील का जोरदार प्रतिसाद दिया है । अखिल भारतीय BSNL & DoT पेन्शनर संघ - AIBDPA अखिल भारतीय निवृत्त BSNL अधिकारी कल्याण संघ - AIRBSNLEWA संचार निगम पेन्शनर कल्याण संघ - SNPWA दूर संचार पेन्शनर प्रगति संघ - TPPO तथा, BSNL & DoT पेन्शनर्स एसोसीएशन ( इंडिया ) - BDPA (I) अर्थात् हमने - सबने AUAB को अपने समर्थन के विश्वास दिलाते पत्र भेज दिये हैं।

टूटते हुए BSNL को टिकाये रखने के संघर्ष के वक्त AUAB ने; तीसरी वेतन समिती अनुसार पेन्शन संशोधन की तथा सीधे नियुक्त BSNL कर्मचारीयों के के निवृत्तिलाभ में 30% वृद्धि की हमारी वाजिब तथा न्यायसंगत मांगों की; अपनी कार्यसूचि ( एजेन्डा )में शामिल किया था । उस वजह से हमने उसे समर्थन दिया है।

कुछएक पेन्शनर संगठन सातवें वेतन आयोग अनुसार BSNL पेन्शनरों के पेन्शन संशोधन की अभी भी बेबुनियाद अर्जीयां कर रहे हैं, तथा AUAB को समर्थन होने के बारे में चालाकीयुक्त भेदी मौन धारण करके बैठे हैं, ऐसा स्पष्ट दिखाइ देता है।

कर्मचारीयों/पेन्शनरों के कल्याण के कार्यक्षेत्रमें हम केवल पूरी क्षमतासे पेन्शनरों की समस्याएं सुलझाने के शुभ आशय से ही काम कर रहे हैं, इस लिये अन्य युनियन या संगठन के साथ स्पर्धा में उतरना हमें बिलकुल नापसंद है । क्योंकि पेन्शनरों की तरह तरहकी असंख्य समस्याओं का समाधान किसी अकेले से कभी नहीं लाया जा सकता - ऐसा हमारा स्पष्ट मानना है । 'BSNL Pensioners News (Gujarat)' हमारा मुखपत्र है; जो हम एक भी अंक चूके बिना सतत जून-2006 से हर तीन महिने प्रकाशित करते आये हैं । उसी प्रकार हमारी www.bdpa.in वेबसाईट हमारा दैनक अखबार है, जिसे करीब 6000 जितने लोग हररोज पढते है।

AUAB को समर्थन देने के बाद, AUAB की तमाम लडाईयों में हर संभव साथ-सहकार देना, अब हमारी नैतिक जिम्मेवारी बनती है । इस तंत्रीलेख के माध्यम से मैं जिले के, सर्किल के तथा मुख्यालय के तमाम कार्यकर्ताओं से, AUAB के कार्यक्रमों में सक्रिय योगदान देने की बिनती कर रहा हुं । लेकिन हाँ, वर्तमान कोरोना महामारी के सरकारी आदेशों का पालन करके अपने स्वास्थ्य का ध्यान रखने का खयाल जरुर रक्खें ।

अपनी लडाई को मजबूत बनाने के लिये AUAB, हमारी प्रमुख न्यायसंगत और वाजिब मांगों को अपनी कार्यसूचि ( एजेन्डा ) में अवश्य सामिल करेगा, ऐसा हमें विश्वास है । पिछले तीन साल से हम देखते आये हैं कि, चिकित्सा बीलों के भूगतान के बारे में BSNL सेवारत कर्मचारीयों

अग्रिमता देता है तथा पेन्शनरों के बील चूकानेमें अनेक रोड़े अटकाता है । उस कारण से नाराज़ पेन्शनर समुदाय जल्न और उपेक्षा महसूस कर रहा है । हम BSNL MRS नियमोंमें कोइ छुट या रिहायत नहीं माँगते; लेकिन नीति-निर्देश-नियमों के अनुपालन में BSNL को समानता और पारदर्शिता निभानी चाहिए, इतना तो जरूर मांगते हैं।

अगर सेवारत कर्मचारीयों को उनका निर्धारित चिकित्सा भत्ता वेतन के साथ दिया जा सकता है, तो हमारे निर्धारित चिकित्सा भत्ते तथा ईन्डॉर-आउटडॉर चिकित्सा बीलों का भूगतान भी न्यायिक द्रष्टि से उन्हीं की तरह, उन्हीं के साथ ही किया जाना चाहिए । अगर हम BSNL से इतना करवा सकते हैं, तो हमारी संयुक्त लडाई को बल मिलेगा। इससे अधिक से अधिक पेन्शनर संगठन AUAB की लडाई में जूड़ जायेंगे, जिससे BSNL आर्थिक संकट से उबर जायेगा।

BSNL की आर्थिक ख़स्ता हालत को सुधारने क लिये AUAB एक और काम भी कर सकता है। वो सरकार को सुझाव दे सकता है VRS-2019 की तरह एकमात्र कदम की मानिन्द; सरकार तमाम पेन्शनरों का CGHS प्रवेश शुल्क सीधे ही चूका दें। ऐसा करने से BSNL का चिकित्साकीय खर्च बिलकुट घट जायेगा और इस प्रकार बची हुई धनराशि को वो अपने पुनरुत्थान में उपयोग कर सकता है।

और अगर किसी प्रशासनिक कारणों से ये सुझाव BSNL को अमल योग्य ना लगे, तो BSNL व्यवस्थातंत्र - नियत समय में नियत किश्तों में समग्र CGHS प्रवेश शुल्क़ राशि सरकार में जमा करा देगा - ऐसा करार करने की बिनती सरकार को करनी चाहिए।

दूसरा, BSNL में तीसरी वेतन संशोधन समिति के अमलीकरण के समय; उसकी प्रभावी तारीख के बारे में, पिछ्ले कटु अनुभव क बाद, विशेष चोंक्सी रखना खास जरूरी है। उसका अमल दि. 01-01-2017 से ही होना चाहिए, तथा उसमें कर्मचारीयों और पेन्शनरो के लिये कोई अलग भेदरेखा या समझौता नहीं स्वीकारना चाहिए । भूतकाल में दूसरी वेतन संशोधन समिती के अमल के वक़्त 78.2% विलीनीकरण का अमल; करार की तारीख (01-01-2007) के बजाय DoT की मंजूरी की तारीख (10-06-2013) से हुआ था। ये उदाहरण हमारी आंखों के सामने हैं । इसलिये हमलोग फिरसे ऐसी चालाकी के शिकार ना बनें इसकी खास चौक्सी बरतनी पडेगी।

नवनियुक्त संचारमंत्रीजी देवुसिंह चौहाण ने दि. 24-07-2021 को सब कर्मचारी संगठनों के प्रतिनिधीओं को चर्चा के लिये बूलाया था। किन्तु उसमें AUAB के सहयोगी संगठनोंको बुलावा नहीं भेजा था। ये बडे आश्चर्य और आघात की बात है। उसके कारण संयुक्त नेतागीरी के बारे में पेन्शनर समुदाय में कई अच्छे-बूरे, सही ग़लत तर्क वितर्क फैल चूके हैं। संयुक्त लडाई की संयुक्त नेतागीरी को ऐसी परिस्थिती को टालनी चाहिये थी । और अगर किसी वजह से ये संभव ना हो पायें तो, सहयोगी संगठनों के नेताओं को पहले से अवगत कराके उनको विश्वास में लेना चाहिए था । ऐसा करने से दूसरे सहयोगीयोंमें उपेक्षा या भेदभाव की भावना पैदा नहीं होगी तथा संघभावना भी बलवत्तर हो पाएगी।

भविष्य में हमारी संयुक्त लडाई क बारे में वरिष्ठ अधिकारीयों या नेताओं से मिटींग तय करते वक़्त AUAB अन्य पेन्शनर संगठनों की उपेक्षा या अवगणना नहीं करेगा, ऐसी हम आशा करते हैं।

आइए; हम सब एकजूट हो कर, कर्मचारीयों तथा पेन्शनरों के बीच उदाहरणीय एकता के नये अध्याय का प्रारंभ करें।

स्वातंत्र्य दिवस तथा जन्माष्टमी की शुभकामनाओं समेत।

दिनांक : 28/07/2021 -दिनेशचंद्र डी. मिस्त्री
अखिल भारतीय महामंत्री
BDPA (I)

( अनुवाद कर्ता : एच.जे. भट्ट
पूर्व सहायक निदेशक ( राजभाषा ) तथा
उपमंडल अधिकारी BSNL
एवम् हिन्दी-गुजराती के स्वनामधन्य हास्य कवि )